જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૧૦/૨૦૧૪ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૮૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૩ બિયર ટીન કબ્જે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૮,૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૮૩/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૪૮૪/૧૪**

**એલીસબ્રીજ :** ભુપેન્દ્રભાઇ રામપ્રકાશ શુક્લા (રહે.એકતા એપાર્ટમેન્ટ, સી.ટી.એમ.રોડ હાટકેશ્વર અમરાઇવાડી) એ તા.૨/૧૦/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી હિતેષભાઇ ચીમનલાલ શાહ (રહે. લીલાસહ નગર, ગાંધીધામ, કચ્છ) એ માહે નવેમ્બર ૨૦૧૦ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન ભુપેન્દ્રભાઇને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી ટાટા કંપનીની કુલ ૨૫ ટ્રકની ખરીદી કર્યા બાદ તે પેટે ચુકવવાનાં થતાં બાકી નાણા કુલ રૂપિયા ૩૩,૬૬,૦૫૮/- નહીં ચુકવી ભુપેન્દ્રભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ફતેસિંહ રૂપાભાઇ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૪૮૫/૧૪**

**સાબરમતી :** સંદિપભાઇ સુરેશભાઇ મહેતા (રહે.સર્વોપરી એલીગન્સ, ન્યુ રાણીપ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૧૦/૧૪ બપોરનાં ૨/૩૦ વાગ્યાથી સાંજનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની અને સાહેદ મહેશભાઇ રમણભાઇ પટેલ ના મકાનનાં દરવાજાનું તાળુ તોડી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એન.સાધુ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૮૬/૧૪</u>**

**ઘાટલોડીયા :** નીતીનભાઇ ધુરધરભાઇ દવે (રહે. અભિશ્વેત એપાર્ટ. પાટીદાર ચોક ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૧૦/૧૪ બપોરનાં ૨/૦૦ વાગ્યાથી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ડાયમંડ જડેલા સોનાનાં દાગીના અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૯,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.મુજવા ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૮૭/૧૪</u>**

**વેજલપુર :** અલ્તાફ પીરમહંમદ અજમેરી (રહે.મક્કાનગર સોસાયટી, જુહાપુરા) એ તા.૧૧/૯/૧૪ રાતનાં ૯/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની સ્વીફ્ટ કાર નંબર જીજે.૧.બી.બી.૮૦૫૨ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૨/૯/૧૪ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ અલ્તાફ અજમેરીએ તા.૨/૧૦/૧૪ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ વેજલપુર પોલીસ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.